# ખબરદાર : હવે, જો સે. ૨૧ના શોપીંગમાં આડેધડ પાર્કિંગ કર્યુ તો દંડાશો : મનપા

**સે. ૨૧ના શોપીંગ સેન્ટરમાં આડેધડ વાહન પાર્કિંગ કરનારાઓ સામે મનપા દંડનીય કાર્યવાહી કરશે : પાર્કિંગની અદ્યતન સુવિધાના લોકાર્પણ સાથે જ ટ્રાફિક સમસ્યાને હળવી કરવા મનપા મેદાને**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના હાર્દસમા સે. ૨૧ના શાકમાર્કેટ નજીક પાર્કિંગની અદ્યતન સુવિધા ઉભી કરાયા પછી હવે આડેધડ વાહન પાર્કિંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવા મોટનું મન મનપાના તંત્રએ બનાવી લીધુ છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પાર્કિંગ યોગ્ય રીતે થાય અને લોકોને કોઈ પરેશાની ના થાય તે માટે મનપાએ જીઆઈએસએફના જવાનોને હાલ ત્યાં નિમણુંકો આપવાનો નિર્ણય કર્યો છે.

આ જવાનો વાહન માલિકોને યોગ્ય રીતે વાહન પાર્ક કરવા માટે દસ દિવસ સુધી સમજાવશે અને જરૂરી માર્ગદર્શન



આપશે. આ પછી તંત્ર દ્વારા આડેધડ વાહન પાર્ક કરનારા વાહન ચાલકોના વાહનને ટ્રાફિક પોલીસની જેમ લોક લગાવવામાં આવશે અને દંડ ભર્યા પછી જ તે લોક ખોલવામાં આવશે.

તંત્ર દ્વારા આ અંગે ખાસ તૈયારીઓને અંતિમ રૂપ પણ આપી દેવામાં આવ્યુ છે. આમ થતાં સે. ૨૧માં પાર્કિંગની સમસ્યા હળવી થશે તેમજ લોકોને પણ તેની રાહતનો અહેસાસ થશે.

મનપા દ્વારા સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૧ કરોડના ખર્ચે પાર્કિંગની સુવિધા ઉભી કરાઈ છે. તાજેતરમાં આ પાર્કિંગના આધુનિકરણની કામગીરી પૂર્ણ થઈ છે અને કેન્દ્રીય ગૃહમંત્રીએ આ સુવિધાનું લોકાર્પણ કર્યુ છે.

મનપાના સૂત્રોના જણાવ્યાનુસાર ૧૦ ભાગમાં પાર્કિંગ તેમજ કોટયાર્ડ વિકસાવવામાં આવેલ છે. પાર્કિંગમાં ૧૭૦૦ જેટલા ટુ વ્હીલર, ૭૦૦ ફોર વ્હીલર તેમજ ૧૪ અન્ય મોટા વાહનો પાર્ક થઈ શકે તે મુજબની સગવડ ઉભી કરવામાં આવી છે.

શોપીંગ સેન્ટરની અંદરના ભાગમાં એટલે કે કોટયાર્ડમાં વાહનોને પાર્ક ન થઈ શકે તથા

● અનુસંધાન પાન-૭ પર

# નાના દુકાનદારોએ બે હજારની નોટ લેવાનુ બંધ કર્યુ

**બે હજારની નોટ પાછી ખેંચવાની જાહેરાત સાથે જ શહેરમાં તેનુ ચલણ બંધ થયુ : દુકાનદારો તેને લેતા અચકાય છે : માત્ર પેટ્રોલપંપ અને મોટા મોલમાં બે હજારનુ ચલણ લેવાય છે**

ગાંધીનગર, તા. ૨૨

બે હજારની નોટ ચલણમાંથી ધીમે ધીમે પાછી ખેંચાવાની છે પરંતુ તેને અત્યારથી જ લેવાની બંધ કરી દેવાઈ છે. શહેરના નાના દુકાનદારોએ બે હજારની નોટ સ્વીકારવાનું બંધ કરી દીધુ છે. બે હજારની નોટ ચલાવવી વસાહતીઓ માટે મુશ્કેલરૂપ સાબિત થઈ રહી છે.

બે હજારની રૂપકડી ગુલાબી નોટ ચલણમાંથી પાછી ખેંચાવાની જાહેરાત થતાં જ તેને ચલાવવી મુશ્કેલ બની છે. બે હજારની નોટનુ ચલણ હાલમાં બંધ થયુ ન હોવા છતાં વેપારીઓ તેને સ્વીકારતા નથી. હજુ ચાર મહિના સુધી તે ચલણમાં છે તેમ છતાં દુકાનદારોએ વિવિધ કારણો દર્શાવી તેને સ્વીકારવાનુ બંધ કરી દીધુ છે. ગાંધીનગરમાં એવો ઘણો મોટો વર્ગ છે જેની પાસે બે હજારની નોટો મોટી માત્રામાં છે. બે હજારની નોટ હાલમાં તો ચલણમાં છે જ પરંતુ તેને ધીમે ધીમે પાછી ખેંચવાની જાહેરાત થઈ ચૂકી હોવાથી દુકાનદારો તે લેતા અચકાય છે. જો કોઈ ગ્રાહક બે હજારની નોટ લઈને આવે તો તેને સ્વીકારાતી નથી. ખાસ કરીને શહેરના નાના દુકાનદારોએ તેને લેવાનુ બંધ કરી દીધુ છે. ગ્રાહકો તે સ્વીકારતા નથી અને બેંકમાં આ નોટ બદલાવવાની કડાકૂટ વધુ હોઈ નાના વેપારીઓએ તેને ન સ્વીકારવાનો રસ્તો અપનાવ્યો છે. બે હજારની નોટ હાલમાં માત્ર પેટ્રોલપંપ પર અને મોલમાં જ સ્વીકારવામાં આવે છે. કેટલાક દુકાનદારોએ તો પોતાની દુકાનમાં બે હજારની નોટ સ્વીકારવામાં આવતી નથી તેની નોટીસો પણ મારી દીધી છે. બે હજારની નોટ જેમની પાસે છે તેમને તે ચલાવવી મુશ્કેલભરી લાગી રહી છે. વળી બેંકોમાં તે બદલાવવાની જફા લાંબી હોઈ ગ્રાહકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

# કુદરતી આપદાઓમાં કૃષિને થતા નુકશાન સર્વે અને સહાયની નીતિમાં ફેરફાર કરાશે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં વારંવાર થતા માવઠા, પૂર કે કુદરતી આપદામાં કૃષિપાકોને થતા નુકશાની અંગેના સર્વે તેમજ સહાયની વર્તમાન નીતિમાં સરળીકરણ કરવાના અભિગમ સાથે તંત્રએ તેની પ્રાથમિક કવાયત હાથ ધરી છે.

નીતિમાં કેટલુ પરિવર્તન કરવુ જોઈએ, કયા કયા ફેરફારોને અવકાશ છે તેમજ ખેડૂતની આવકને રક્ષિત કરવા માટે અને મહત્તમ સહાય તેને નુકશાન પેટે આપવા સહિતના મુદ્દાઓ પર આ કવાયત હાથ ધરવામાં આવી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિભાગીય કક્ષાએથી આ અંગે હાલ સૂચનો મેળવવામાં આવશે આ પછી મળેલા સૂચનોને આધારે એક વિગતવાર અહેવાલ અધિકારીઓની ટીમ બનાવી તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ તે અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવશે અને સરકાર દ્વારા તેનો સર્વગ્રાહી અભ્યાસ કર્યા બાદ જરૂરી સુધારા-વધારા સાથે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ખરીફ મોસમના આરંભ પૂર્વે આ અંગેના સૂચનો મેળવી લેવા માટે જણાવાવમાં આવ્યુ છે.

રાજ્યમાં આ વર્ષે સૌથી વધુ કમોસમી વરસાદ થયો છે. ખેડૂતોને નુકશાન પણ થયુ છે. હાલ ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન હોય તો જ સહાય આપવાનું ધોરણ નિયત થયેલ છે.

રાજ્યમાં જે રીતે વિકાસની ગતિ તેજ બની છે અને નાના તેમજ સીમાંત ખેડૂતોની સંખ્યા વધી રહી છે ત્યારે સહાયના હાલના ધોરણોમાં ફેરફાર કરવો જરૂરી જણાયો છે.

રાજ્યના કૃષિમંત્રી સમક્ષ પણ કિસાન સંઘ સહિતના જુદા જુદા કિસાન સંગઠ્નોએ સહાય માટે સરકારે ઉદાર મન દાખવવુ જોઈએ તેવી રજૂઆતો થયેલી છે ત્યારે સરકારે પણ હાલ તો આ દિશામાં પ્રાથમિક કવાયત હાથ ધરી છે.

ટેકાના ભાવે થતી ખરીદી સહિતની વિવિધ બાબતોને પણ આ નીતિ સાથે સાંકળવામાં આવે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# વન ડે વન ડિસ્ટ્રીક્ટ અંતર્ગત મુખ્યમંત્રી બુધવારે ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૪મી ના રોજ વન ડે વન ડિસ્ટ્રીક્ટ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. બુધવારના દિવસે વન ડે વન ડિસ્ટ્રીક્ટ અંતર્ગત યોજાનાર બેઠકોને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આ અંગે અધિકારીઓની ખાસ બેઠક પણ યોજવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૨ સ્થિત ઉમિયાધામ સંસ્થાન ખાતે રાજ્યના મુખ્યમંત્રી સાંજે ૪ વાગે આવી પહોંચશે. પ્રથમ તેઓ જિલ્લાના પદાધિકારીઓ, સંગઠ્નના અપેક્ષિત આગેવાનો સાથે બેઠક કરશે.

આ પછી તેઓ જિલ્લાના વિવિધ પ્રશ્નો સંદર્ભે મળેલી રજુઆતોને ધ્યાને લેશે. ત્યારબાદ મોડી સાંજે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરશે અને જિલ્લામાં આંતર વિભાગીય સંકલન થકી વિકાસના કામો માટે જરૂરી માર્ગદર્શન આપશે.

આ બેઠકમાં જિલ્લાઓમાં વિવિધ યોજનાઓના સુચારૂ અમલીકરણને લઈ પણ ચર્ચાઓ થશે. જિલ્લામાં જે વિકાસના કામો ચાલે છે તે અંગે સમીક્ષા પણ કરશે. મુખ્યમંત્રીની બેઠકને લઈ અધિકારીઓએ યોજનાના ફાળવવામાં આવેલા લક્ષ્યાંકો અને તે હાસલ કરવા માટે તૈયાર કરવામાં આવેલ રોડમેપને આખરી કરવાની કવાયત હાથ ધરી છે.

# પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતાના અભાવે પૂરતો સપ્લાય આપી શકાતો નથી

**આકરી ગરમીના દિવસોમાં છાશવારે પાણીની પોકાર**

**હાલ પણ જરૂરિયાત સામે ૧૦એમ એલ ડી ની ઘટ**

ગાંધીનગર

ગાંધીનગરમાં આકરા ઉનાળે પાણીની બુમ ઉઠતી રહે છે સેક્ટરવાસીઓ ફોર્સ થી પાણી ન આવતું હોવાનો રોષ વ્યક્ત કરે છે . સેક્ટરોમાં સપ્લાય માટે નર્મદાના પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છતાં સરિતા અને ચેરડી બન્ને વોટર વર્કસના આધારે સપ્લાય થતા પુરવઠામાં ૧૦ એમ એલ ડી ની ઘટ પ્રવર્તે છે જોકે પાણીની સમસ્યા પાછળ પુરવઠાની ઘટ નહીં પરંતુ શુદ્ધિકરણ પ્લાન્ટની પુરતી ક્ષમતા ના હોવાનું જવાબદાર મનાય છે

શહેરમાં સ્માર્ટ સિટી અન્વયે ૨૪ કલાક પાણી આપવા માટેની નવી લાઇન નંખાવાનું કામ ચાલી રહ્યું છે .આ યોજનાનું કામ પૂર્ણ થતા હજુ સમય લાગશે હાલમાં સેક્ટર ૧થી ૩૦માં ઓછા દબાણથી પાણી આવવાના મુદ્દે ગૃહિણીઓમાં વારંવાર કકળાટ પ્રવર્તે છે.

જયારે સપ્લાય વધારવાની માગ ઉઠવા પામી છે. પૂરતા દબાણથી પાણી ન આવતું હોવાના આક્રોશ વચ્ચે પાણીની ટાંકી ન ભરાતા ઘણા ઠેકાણે ટેકર મંગાવીને કામ ચલાવું પડે છે શહેરમાં પાણી અને ગટરની નવી લાઇનો નાંખવાની કામગીરીમાં પણ સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે . જેના લીધે પણ હયાત લાઈન માં લીકેજીસ ની સમસ્યા વધી છે આકરી ગરમીના દિવસોમાં જ પાણી પુરા દબાણથી નહીં આવી રહ્યાંની ફરિયાદો હાલ દર બે દિવસે કાને સંભળાય છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જુની લાઇનો પણ ઓછા દબાણથી પાણી આવવા માટે જવાબદાર છે. ઓછા દબાણથી પાણી મળવાના કારણે ઘરની જમીન પરની ટાંકી પણ ભરાતી નહીં હોવાથી બપોર સુધીમાં પાણીની ટાંકી ખાલી થઇ જાય છે ઘણા ઠેકાણે રહીશોએ ટેકર મંગાવાની નોબત આવે છે આવા સંજોગોમાં નવા અને જુના સેક્ટરોમાં પાણીનો સપ્લાય આપતા સરિતા વોટર વર્કસ અને ચરેડી વોટર વર્કસ પર પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પર્યાપ્ત ન હોવાના લીધે ગરમીમાં પાણીની સમસ્યા ઉદભવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.



સૂર્યતિલક - ગાંધીનગરના કોબાના પ્રસિદ્ધ જૈન દેરાસરમાં બિરાજમાન ભગવાન મહાવીરની પ્રતિમાને ભાલે ૨૨મી મેના રોજ સૂર્યતિલકનો દર્શનીય દશ્ય સર્જાય છે... આ પાવન પળોને આંખમાં ભરી લેવા સેંકડો ભાવિકો દેરાસરમાં ઉમટે છે... દેરાસરનું સ્થાપત્ય એવી અદ્દભૂત રીતે કરાયું છે કે, દર ૨૨મી મેના રોજ આ પાવન દશ્યના દર્શનનો લ્હાવો મળે છે...

# સે- ૬ ચંદ્રશેખર આઝાદ નગરમાં ગટર ઉભરાતા ઘરોમાં દુષિત પાણીનો ભરાવો

**રહીશોમાં આક્રોશ : સમસ્યાનુ નિરાકરણ લાવવા સ્થાનિક સુવિધા કેન્દ્રને રજુઆત**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જો કે આ કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગશે ત્યારે હાલ સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત છે. સે- ૬ સ્થિત ચંદ્રશેખર આઝાદ નગરમાં છેલ્લા એક સપ્તાહથી ગટરો ઉભરાતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. ગટરનુ પાણી બેક મારતા ઘરમાં જ દુષિત પાણીનો ભરાવો થાય છે. આ મામલે સ્થાનિક ઈન્કવાયરી કચેરીને રજુઆત કરવામાં આવી છે આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. પાંચ દાયકા જુની ગટર લાઈન હાલ સેકટરની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી જયારે છેલ્લા એક દાયકાથી સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાએ પણ હદ વટાવી છે. સેકટરોમાં જુની કટાયેલી અને સાંકડી ગટર લાઈન વારંવાર ઉભરાતા રહીશોના ઘર આંગણે જ દુષિત પાણીનો ભરાવો થતો હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. વર્ષો જુની લાઈન બદલીને હાલ મોટા ડાયામીટરવાળી લાઈન નાંખવામાં આવી રહી છે. જો કે હાલ એકબાજુ નવી લાઈન નાંખવા માટે કામગીરી ચાલી રહી છે. ત્યારે જુની લાઈનની સમસ્યાઓ યથાવત છે. સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાવાની સમસ્યા ઉઠતી રહે છે. કયારેક રહેણાંક વિસ્તારમાં ઘર આંગણે તો કયારેક કોર્મશિયલ ઝોનમાં પણ ગટરોનુ દુષિત પાણી માર્ગ પર વહેતુ જોવા મળે છે.

જયારે વરસાદી દિવસો દરમિયાન ગટર લાઈનના મુખ્ય મેઈન હોલમાં પણ ભંગાણ થતા હોવાની સમસ્યાઓ ઉદભવે છે. જો કે આગામી દિવસોમાં નવી લાઈન નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં ગટર ઉભરાવાનો પ્રશ્ન હલ થઈ જશે તેવી આશા પણ બંધાઈ છે. આ કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગશે હાલ જુના



સેકટરોમાં નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આગામી વરસાદી દિવસોમાં આ કામગીરી મંદ પડી જશે અલબત્ત નવા સેકટરોમાં કામ શરૂ થતા હજુ સમય લાગશે ત્યારે નવા સેકટરોમાં પણ સમયાંતરે ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તે છે. સે- ૬ સ્થિત ચંદ્રશેખર આઝાદ નગર સરકારી આવાસમાં ગટર ઉભરાવાની સમસ્યા છેલ્લા એક સપ્તાહથી પેચીદી બની છે. જેના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. ઘરમાં ગટરનુ દુષિત પાણી ફરી વળતા રહીશોમાં રોષ પ્રવર્તાયો છે.

આ મામલે ત્વરિત અસરથી ફરિયાદનુ નિરાકરણ આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે. આ મામલે સ્થાનિક સુવિધા કેન્દ્રમાં ફરિયાદ પણ કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી જયારે બીજીતરફ ઘરમાં દુષિત પાણીનો ભરાવો થતા રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ સ્થિતિમાં રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. તાત્કાલિક અસરથી સમસ્યાનુ નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં ગરમીનુ જોર વધ્યુ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં ગરમીના મિજાજમાં રોજબરોજ અંશત: ચઢ ઉતર જોવા મળે છે. ઉનાળાના પ્રારંભ બાદ મે મહીનાથી ગરમીની સિઝને જમાવટ કરી છે. મહત્તમ તાપમાન પણ ૪૧ ડીગ્રીને પાર રહેતા સતત હીટવેવના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો સામાન્ય ઉપર ચઢયો હતો મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી નોંધાયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન એક ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. જો કે સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો દિવસ દરમિયાન અસહ્ય બફારો અનુભવી રહ્યા છે. ગરમીનો મિજાજ છેલ્લા બે સપ્તાહથી ઉગ્ર છે. ગરમીથી ત્રસ્ત શહેરીજનો બપોરના સમયે ઘરની બહાર નિકળવાનુ ટાળી વહેલી સવારે અને સાંજે તેમનુ કામ નિપટાવાનો પ્રયાસ કરે છે.

ગાંધીનગરમાં ઉનાળાની મંદ શરૂઆતના લીધે બે મહીના સુધી ગરમીનુ જોર વર્તાયુ ન હતુ અલબત્ત મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની અંદર રહેતા નગરજનોએ પણ નિરાંત અનુભવી હતી. અનેકવાર વાતાવરણ પલ્ટાના લીધે મોસમનો મિજાજ વારંવાર બદલાતા ગરમી પણ અદ્રશ્ય થઈ ગઈ હતી જયારે ચૈત્ર મહીનામાં પણ અષાઢી નઝારો સર્જાતા વરસાદી ભીંજારાની મોસમ નિખરી હતી પરંતુ મે મહીનાની શરૂઆતના અંતે ગરમીનુ જોર વધ્યુ છે. આકરી બનતી ગરમીએ સૌ કોઈને પરેશાન કરી દીધા છે. અગાઉ ગરમીનો પારો ૪૪ ડીગ્રીને પાર થઈ જતા આકાશમાંથી અંગારા વરસ્યા હતા જયારે છેલ્લા બે સપ્તાહથી પણ વધુ સમયથી ગરમીનો પ્રકોપ યથાવત છે. અંગ દઝાડતી ગરમીથી જનજીવન શેકાઈ રહ્યુ છે. જેના લીધે દિવસ દરમિયાન પણ શહેરના સેકટરોમાં સુનકાર જોવા મળે છે જયારે દિવસના સન્નાટાના અંતે રાત્રિના સમયે રોનક નિખરે છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી આસપાસ રહેતુ હતુ જયારે આજે ગરમીનુ જોર થોડુ વધતા મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન પણ છેલ્લા એક સપ્તાહથી ૨૭ થી ૨૮ ડીગ્રી વચ્ચે છે. દિવસની ગરમીની સાથે સવારે ભેજનુ પ્રમાણ પણ ૭૦ ટકાની આસપાસ રહેતા દિવસના તાપની સાથે પરસેવો વાળતા બફારાથી પણ નગરજનો ત્રાસ્ત છે. અસહ્ય ઉકળાટ અનુભવતા નાગરિકો ગરમીથી ગળે આવી ગયા છે. આ સ્થિતિ વચ્ચે બપોરના સમયે ઘરની બહાર નિકળવાનુ પણ નાગિરકો ટાળી રહ્યા છે. જયારે ગરમીમાં ઠંડા રહેવા

**મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી : બફારાથી પણ નગરજનો ત્રસ્ત : સવારે ભેજનુ પ્રમાણ વધુ રહેતા દિવસે આકરા તાપ વચ્ચે અસહ્ય ઉકળાટથી નગરજનો પરેશાન**

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com